## ખૂણેખાંચરેથી

- સે. ૧૬ અને રાયસણ ખાતે યોજાયેલ સેવાસેતુના કાર્યક્રમમાં વિરોધના દેખાવો ના થાય એટલે તંત્રએ ત્યાં પોલીસ બંદોબસ્ત પણ રખાવ્યો હતો.
- સચિવાલયમાં ચાલતી ન્યુ ક્રેડિટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૦ બેઠકો માટે ૧૫ ઉમેદવારોએ ચૂંટણીમાં ઝુકાવતા કર્મચારીઓ પ્રચારમાં વ્યસ્ત બન્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પી.એ. અને નાયબ ચીટનીસ મનુભાઈ પટેલે સ્વૈચ્છીક નિવૃત્તિ લીધી છે. વય મર્યાદાને લીધે આરોગ્ય વિભાગના આઈઈસી અધિકારી દિનેશભાઈ પટેલ પણ નિવૃત્ત થયા છે.
- ગાંધીનગર ઝેવિયર્સના પૂર્વ વિદ્યાર્થી ભદ્રાયુ બક્ષીએ આજે વોઈસ ઓફ રાજસ્થાનની સ્પર્ધા જીતી અનોખી સિદ્ધિ મેળવી છે. તેઓ પહેલા વોઈસ ઓફ ગુજરાત થયા હતા. તેઓ વડોદરા નાગર મંડળની ટ્રોફી પણ જીત્યા હતા.
- ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે શહેરના સ્થાપના દિનની ઉજવણી વિશ્રામગૃહ ખાતે કરી હતી. જેમાં પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ, દિનેશભાઈ કાપડિયા, રાજેન્દ્રભાઈ પારેખ, કેસરીસિંહ બિહોલા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે મનપાની શાખાના અધિકારીઓની સમીક્ષા બેઠક યોજી હતી.
- જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિક પટેલે આજે સાંજે ૬ વાગ્યા પછી સેવાસેતુના સફળ આયોજન માટે મનપાની ટીમને વિશેષ અભિનંદન આપતો ફોન કરી સૌની પીઠ થપથપાવી હતી.

# કોરોનાની મહામારીમાં આરોગ્ય ક્ષેત્રે સરકાર નિષ્ફળ ગઈ છે : અમિત ચાવડા

### ગાંધીનગર સિવિલ ખાતે કોંગ્રેસના વિરોધ કાર્યક્રમમાં ૩૫ કાર્યકરોની અટકાયત કરાઈ

ગાંધીનગર, તા. ૨

રાજ્યની ભાજપ સરકારની જન વિરોધી નીતિઓના વિરોધમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા ૯ દિવસના વિવિધ આંદોલનકારી કાર્યક્રમો જાહેર કર્યા છે. જેના ભાગરૂપે બીજા દિવસે પ્રજાજનોના આરોગ્ય વિરોધી નીતિઓને ઉજાગર કરવા પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાની વિશેસ ઉપસ્થિતિમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આજરોજ તા-૨-૮-૨૦૨૧, સોમવાર સવારે ૧૧ કલાકે નિષ્ફળતાઓની ઉજાણી, શરમ કરો રૂપાણી...'' સંવેદનહીન સરકાર''ના નારા સાથે વિરોધ પ્રદર્શન તેમજ સૌને આરોગ્યનો અધિકાર, એજ કોંગ્રેસનો મક્કમ નિર્ધાર સાથે ભાજપ હટાવો, ગુજરાત બચાવોની નેમ સાથે દેખાવો યોજવાનો કાર્યક્રમ ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરો અને આગેવાનોએ ભારે સૂત્રોચ્ચાર કર્યો હતો. ત્યારબાદ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા સહિત તમામ આગેવાનોની પોલીસે અટકાયત કરી હતી.




આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ પ્રેસ અને મિડિયાના મિત્રોને ભાજપ સરકારની નિષ્ફળતાઓ અંગે જણાવ્યુ હતુ કે રાજયમાં ભાજપની સરકાર તો ૨૫ વર્ષથી શાસન કરે છે તો ૫ વર્ષની ઉજવણી કેમ ? તેવો સણસણતો સવાલ કર્યો હતો. લોકોના જાનમાલ અને આરોગ્યની જાળવણી કરવામાં રાજ્યની રૂપાણી સરકાર નિષ્ફળ નિવડી છે તેમ છતાં રૂપાણીજી સરકારી ખર્ચે ઉજાણી કરી રહ્યા છે.

## હોસ્પિટલના નિવૃત ૧૫ કર્મચારીઓને હજુ ''ખુરશીનો મોહ'' છુટતો નથી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વિવિધ વિભાગમાં બે થી ત્રણ દાયકા જેટલો સમય નોકરી કર્યા બાદ પણ અધિકારી-કર્મચારીઓને ખુરશી નો મોહ છુટતો નથી.વય નિવૃત થયા બાદ પણ ખાનગી એજન્સી તેમજ હોસ્પિટલ તંત્ર દ્વારા ૧૧ માસના કરાર આધારીત આ અધિકારી-કર્મચારીઓ પોતાના અડીંગા જમાવી બેઠા છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં ૧૫ જેટલા અધિકારી-કર્મચારીઓને દુર કરીને નવ યુવાનોને રોજગારી પુરી પાડવી જોઈએ.

રાજયમાં બેરોજગારી વધી ગઈ છે, શિક્ષિત યુવાનોને નોકરી કામ-ધંધા મળતા નથી. યુવાનો નોકરી માટે વલખા મારી રહ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૫ જેટલા વય નિવૃત અધિકારી-કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. હોસ્પિટલના નિવૃત કર્મચારીઓને પેન્શન મળે છે. તે ઉપરાતં પણ નોકરીનો મોહ છુટતો નથી અને ખાનગી એજન્સીમાં દબાણ કરીને કે સિવિલના ઉચ્ચ અધિકારીની લાગવગથી નિવૃતી બાદ પણ નોકરી પર ચિપકી જાય છે. ત્યારે સિવિલના કેટલાક જવાબદારીવાળા વિભાગમાં પણ કરાર આધારીત કર્મચારી ફરજ બજાવે છે. ત્યારે સિવિલમાં હાલમાં વિવિધ વિભાગમાં નિવૃત વ્યકિતઓનો અડીંગો છે. ત્યારે આ કર્મચારીઓ પેન્શન અને પગાર મળતા સરકાર પર આર્થિક ભારણ વધી જવા પામે છે. ત્યારે હોસ્પિટલ તંત્રએ પણ નિવૃત કર્મચારીઓની જગ્યાએ નવા લાયકાત ધરાવતા ઉમેદવારોની કાયમી ભરતી કરવી જોઈએ તેમ લાગી રહ્યું છે.



ગાંધીનગરના જન્મદિવસની ઉજવણી અન્વયે આસ્થા સેવા યજ્ઞ, ઋષિ વંશી સમાજ ફાઉન્ડેશન, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર ગુજરાત ખાતે યોજાયેલ સમગ્ર ગાંધીનગર શહેર ડ્રોઈંગ કોમ્પિટીશન ૨૦૨૧ની થીમ મુજબ ૧૧ વર્ષથી નીચેના વયજૂથમાં ભવ્ય ચેતનભાઈ પ્રજાપતિ (સેકટર-ઉન્યુ)એ બીજા ક્રમાંકે રહી સર્ટીફીકેટ અને મોમેન્ટો મેળવી વિજયી થયા હતા.

## કૃષ્ના ડાઈગ્નોસ્ટિક્સ લિમિટેડનો આઈપીઓ ચોથીએ ખુલશે

### પ્રાઇસ બેન્ડ ઇક્વિટી શેરદીઠ રૂ. ૯૩૩ થી રૂ. ૯૫૪, દરેક ઇક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૫ (''ઇક્વિટી શેર'')

ભારતમાં સૌથી મોટી વિશિષ્ટ નિદાન સેવા પ્રદાતા પૈકીની એક (સ્તોત્રઃ ક્રિસિલ રિપોર્ટ) કૃષ્ના ડાઈગ્નોસ્ટિક્સ લિમિટેડનો આઈપીઓ ૪ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ ખુલશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૯૩૩ થી રૂ. ૯૫૪ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૧૫ ઈક્વિટી શેર માટે અને પછી ૧૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઓફર ૬ ઓગસ્ટ, ૨૦૨૧ને શુક્રવારે બંધ થશે. આઈપીઓમાં રૂ. ૪,૦૦૦ મિલિયનના ફ્રેશ ઈશ્યૂ (''ફ્રેશ ઈશ્યૂ'') અને ૮,૫૨૫,૫૨૦ ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર (''ઓફર્ડ શેર્સ'') સામેલ છે, જેમાં ફિકેપિટલ ટ્રસ્ટ-ફિ કેપિટલ ગ્રોથ ફંડ -I ના ૧,૬૦૦,૦૦૦ ઈક્વિટી શેર (''વિક્રેતા શેરધારક ૧''), કિતારૌંદ્ર ૧૧૦૪ દ્વારા ૩,૩૪૦,૭૧૩ ઈક્વિટી શેર (''વિક્રેતા શેરધારક ૨''), સોમરસેટ ઈન્ડસ હેલ્થકેર ફંડ I લિમિટેડ દ્વારા ૩,૫૬૩,૪૨૭ ઈક્વિટી શેર (''વિક્રેતા શેરધારક ૩'') અને લોટસ મેનેજમેન્ટ સોલ્યુશન્સ (મયુર સિરદેસાઈ દ્વારા કામ કરે છે) દ્વારા ૨૧,૮૩૦ ઈક્વિટી શેર (''વિક્રેતા શેરધારક ૪'') સામેલ છે.

# બાઈક, મોબાઈલ અને સાયકલ ચોરી કરનાર ત્રણ આરોપી ઝડપાયા

### એલસીબી પોલીસે ૩ બાઈક, ૬ મોબાઈલ અને ૮ સાયકલ મળી કુલ રૂ.૬૮,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના કલોલ અને પેથાપુર વિસ્તારમાંથી બાઈક, મોબાઈલ ફોન તેમજ સાયકલોની ચોરી કરનાર ત્રણ શખ્સોને કોલવડા થી સોનીપુર જવાના માર્ગ પરથી એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી બાઈક, મોબાઈલ ફોન, તેમજ સાયકલ મળી કુલ રૂ.૬૮ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડ ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ રતનસિંહ ચતુરજી અને ઘનશ્યામસિંહ ખુમાનસિંહને બાતમી મળી હતી કે કોલવડા થી સોનીપુર જવાના માર્ગ પર ચેહર માતાના મંદરિ તરફ જતા આરસીસી રોડ પાસે ત્રણ શખ્સો ત્રણ બાઈક લઈને ઉભા છે અને ત્રણે ય શખ્સો શંકાસ્પદ છે. જેથી એલસીબી ટીમ દ્વારા તાત્કાલીક બાતમીવાળી જગ્યા પર જઈને વિષ્ણુજી ધોળાજી ઠાકોર (રહે.જેઠલજ ગામ ઈશ્વરપુરા તા.કલોલ જી.ગાંધીનગર), લક્ષ્મણજી રાજાજી ઠાકોર (ઉં.૩૨ રહે.સોનીપુર ગામ તા.જી.ગાંધીનગર), દિનેશજી કેશાજી ઠાકોર (રહે સોનીપુરગામ મહાદેવવાળો વાસ તા.જી.ગાંધીનગર) ને બાઈક સાથે પકડી પાડ્યા હતા. પોલીસે પકડેલા ત્રણેય શખ્સોની અંગજડતી લેતા વિવિધ કંપનીના ૮ મોબાઈલ મળી આવ્યા હતા. પોલીસે આધાર પુરાવા માંગતા તેઓ ગલ્લાતલ્લા કરવા લાગ્યા હતા. ત્યારબાદ પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા ત્રણેય બાઈક કલોલ વિસ્તારમાંથી ચોરી કર્યા હોવાનું જણાવ્યું હતું. જયારે મોબાઈલ ફોન પણ ચોરીના હોવાનું કહેતા ત્રણેયની વધુ પુછપરછ કરતા ૮ સાયકલો પણ ચોરીની છે. જયારે ચાર સાયકલ વિવિધ જગ્યાએ વેચી મારી હતી અને બાકીની સાયકલ રૂપાલ ખાતે બોરકુવાની ઓરડીમાં સંતાડી હોવાનું જણાવતા તાત્કાલીક સાયકલો કબ્જે કરવામાં આવી છે. કલોલના રેલ્વે સ્ટેશન ખાતે ભારત કોમ્પ્લેક્ષના પાર્કિંગમાંથી હીરો સ્પ્લેન્ડર, અંબિકા બસ સ્ટેન્ડ પાસેથી હીરો હોન્ડા પેશન અને ફતેપુરા સોસાયટીની અંદર થી સ્પ્લેન્ડર પ્લસ બાઈકની ચોરી કરી હતી. જયારે પોલીસે રૂ.૨૭ હજારના ત્રણ બાઈક, રૂ.૧૯,૫૦૦ ના મોબાઈલ નંગ.૬ તેમજ ૨૧,૬૦૦ ની સાયકલ નંગ-૮ મળી કુલ રૂ.૬૮,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. વિષ્ણુજી ધુળાજી ઠાકોર કડી પોલીસ મથકના પ્રોહીબિશનના તેમજ દિનેશજી કેશાજી ઠાકોર સેકટર-૨૧ પોલીસ મથકના ચોરીના ગુનામાં પકડાયેલા છે.

**નામ બદલેલ છે**

મારું નામ શિવનારાયણ આહીરમાંથી શિવનારાયણ યાદવ કરેલ છે. જેની નોંધ લેવા વિનંતી.

**Change of Name**

I Changed my name from Shivnarayan Ahir to Shivnarayan Yadav.

